©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] SATURDAY, 13th SEPTEMBER, 2025/BHADRA 22, 1947 [No. 6052

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

નગર વિકાસ ખાતુ, મધ્સ્થ કચેરી,

અધિસુચના

અ. મ્યુ. કો હદ વિસ્તારમાં આવેલ Ready Mix Concrete માટેનાં Concrete Batching Plant નાં બાંધકામ / વપરાશ માટેની માર્ગદર્શિકા / વિનિયમો / કાર્યપધ્ધતિનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા અંગે

No. TDO/CO/POLICY/02/2025.-અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં બાંધકામ પ્રવૃત્તિઓનો વેગ ધ્યાને લેતા, ચાલુ બાંધકામની સાઈટ પર જે તે સાઈટની પ્રીમાઈસીસમાં/ લાગુ પ્લોટમાં અથવા તો કોઈ અન્ય પ્લોટમાં ચાલુ બાંધકામની સાઈટોને Ready Mix Concrete ની જરૂરીયાતોને પૂરી પાડવા અર્થે/ ધંધાકીય પ્રવૃતી અર્થે Ready Mix Concrete માટેનાં Concrete Batching Plant બનાવવામાં આવે છે. જે અનુસંધાને અ.મ્યુ.કો હદ વિસ્તારમાં આવેલ RMC પ્લાન્ટના Temporary Structure ને Temporary Use/ હેતુ માટે Erection અને License to Use Certificate આપવા અંગેની મુસદ્દારૂપ માર્ગદર્શિકા/ વિનિયમો/ કાર્યપધ્ધતિ તૈયાર કરવામાં આવેલ છે.

ધી જી.પી.એમ.સી. એક્ટ - ૧૯૪૯ની કલમ ૪૬૦ હેઠળ અ.મ્યુ.કો. હદ વિસ્તારમાં આવેલ RMC પ્લાન્ટના Temporary Structure ને Temporary Use/ હેતુ માટે Erection અને License to Use Certificate આપવા અંગેની મુસદ્દારૂપ માર્ગદર્શિકા/ વિનિયમો/ કાર્યપધ્ધતિની દરખાસ્તને જાહેરજનતાના વાંધા/ સૂચનો મેળવવા માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ઉપરોક્ત અ.મ્યુ.કો. હદ વિસ્તારમાં આવેલ RMC પ્લાન્ટના Temporary Structure ને Temporary Use/ હેતુ માટે Erection અને License to Use Certificate આપવા અંગેની મુસદ્દારૂપ માર્ગદર્શિકા/ વિનિયમો/ કાર્યપધ્ધતિની અધિસુચના સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયેલ મુસદ્દાની એક નકલ નગર વિકાસ ખાતુ, મધ્યસ્થ કચેરી, ત્રીજો માળ, બ્લોક બી, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ ખાતે કચેરીના કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેરજનતાને જોવા સારૂ ખુલ્લી મુકવામાં આવેલ છે. સદર મુસદ્દારૂપ માર્ગદર્શિકા/ વિનિયમો/

કાર્યપધ્ધતિનો મુસદ્દો રાજય સરકારશ્રીના અસાધારણ રાજયપત્ર(ગેઝેટ)માં પ્રસિધ્ધ થયેથી ૩૦(ત્રીસ) દિવસની સમયમર્યાદામાં RMC પ્લાન્ટના Temporary Structure ને Temporary Use/ હેતુ માટે Erection અને License to Use Certificate આપવા માટેના મુસદ્દારૂપ માર્ગદર્શિકા/ વિનિયમો/ કાર્યપધ્ધતિના સંબંધમાં લેખિત વાંધા અને/ અથવા સુચનો નગર વિકાસ અધિકારીશ્રી, નગર વિકાસ ખાતુ, મધ્યસ્થ કચેરી ખાતે લખી જણાવશો તો તે લેખિત વાંધા/ સૂચનો અ.મ્યુ.કો. દ્વારા અ.મ્યુ.કો. હદ વિસ્તારમાં આવેલ RMC પ્લાન્ટના Temporary Structure ને Temporary Use/ હેતુ માટે Erection અને License to Use Certificate માટેની માર્ગદર્શિકા/ વિનિયમો/ કાર્યપધ્ધતિનો મુસદ્દો ધી જી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ની કલમ-૪૬૧ હેઠળ રાજય સરકારશ્રીની મંજુરી અર્થે સાદર કરતા પહેલા ગુણવત્તાના ધોરણે વિચારણામાં લેવામાં આવશે, તેની તમામ/ લાગતાવળગતા/ સર્વેએ નોંધ લેવા વિનંતી છે.

સહિ/- અવાચ્ય
મ્યુનિસિપલ કમિશનર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.09.15 17:44:40 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot